# પાણીનો દુકાળ : જિલ્લાના ૬૦૦ તળાવમાં પાણી સૂકાયાં

**મૂંગા પશુઓ તરસ છીપાવવા માટે ભટકવા લાગ્યા : સંકલનની બેઠકમાં મીનરલ વોટર પીતા અધિકારીઓ ચેમ્બરની બહાર આવી ડોકીયું કરે**







સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળો ૪૦ ડિગ્રીને આંબ્યો નથી તે પૂર્વે ૬૦૦ થી વધુ તળાવ સંપૂર્ણ સૂકાયાં છે. ૩૦૦ તળાવમાં માંડ ૧૦ થી ૧૫ ટકા પાણીનો જથ્થો છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારના મૂંગા પશુઓ તરસ છીપાવવા માટે દૂર દૂર ભટકતા જોવા મળ્યા. કેટલીક ગ્રામ પંચાયતોએ મૂંગા પશુઓની તરસ છીપાવવા હવાળા બનાવ્યા છે પરંતુ તેમાં એટલી હદે દુર્ગંધ છે કે મૂંગા પશુઓ પાણી પીવાનું ટાળી રહ્યા છે. બંન્ને જિલ્લાના અધિકારીઓ સંકલનની બેઠકમાં મીનરલ વોટર પી જિલ્લામાં સબસલામતની આલબેલ પોકારી રહ્યા છે પરંતુ ચેમ્બરની બહાર આવી ડોકીયું કરે તો મૂંગા પશુઓ માટે કેવી વિકટ સ્થિતિ છે તેની જાત માહિતી મેળવે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જાહેર થાય તે પૂર્વે જાન્યુઆરીમાં જ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ ચેકડેમ ખાલીખમ થઈ ગયા હતા. ૧૦૦૦થી વધુ તળાવોમાં પાણી ઓસરવા લાગ્યા હતા અને માર્ચ મહિનો મધ્યાંતરે છે ત્યારે ૬૦૦ થી વધુ તળાવો ખાલીખમ થઈ ગયા છે. જેના કારણે જિલ્લાના ૧૮ લાખથી વધુ મૂંગા પશુઓ માટે પીવાના પાણીની વિકટ સમસ્યા જડબુ ફાડીને સામે આવી શકે છે. એસ.કે.-૨ યોજના હેઠળ આંગળીના વેઢે ગણી શકાય તેટલા તળાવ ભરાયા છે. જ્યારે અન્ય તળાવો ખાલીખમ રહેતાં મૂંગા પશુ તળાવના કિનારે પોતાની તરસ છીપાવવા માટે પહોંચે છે પરંતુ તળાવ ખાલીખમ જોઈ નિશાસા નાખી રવાના થઈ જાય છે. આવા દ્રશ્યો અનેક વિસ્તારોમાં જોવા મળ્યા છે. કેટલીક ગ્રામ પંચાયતોના મૂંગા પશુઓની તરસ છીપાવવા હવાળા બનાવ્યા છે પરંતુ તેમાં લાંબા સમયથી પાણી બંધીયાર રહેતું હોવાથી લીલ વળી છે અને દુર્ગંધ મારતું પાણી પીવાનું મૂંગા પશુઓ ટાળી રહ્યા છે. જિલ્લામાં જે રીતે તળાવ સૂકાયા પછી તંત્રએ તળાવ ભરવા માટે સરકારમાં રજૂઆત કરવાના બદલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને ત્યાર પછી માત્ર કોરોનામાં જ ધ્યાન આપતાં આગામી એપ્રિલ મહિનો વહીવટી તંત્ર માટે અગ્નિ પરીક્ષા સમાન બની શકે છે.



## સૂકા ઘાસચારાની માંગ વધી...

જિલ્લામાં તળાવોમાંથી પાણી સુકાયા પછી મૂંગા પશુઓ પીવાના પાણી માટે અનેક વિસ્તારોમાં ટળવળતા જોવા મળ્યા એ સાથે જ જિલ્લામાં સૂકા ઘાસચારાની માંગમાં ઉછાળો નોંધાયો છે. દરરોજ અન્ય જિલ્લામાંથી લાખો ઘાસના પૂળા જિલ્લામાં ઠલવાય છે. તો કેટલાક પશુપાલકો ઘઉંનું પરાળ લાવીને મૂંગા પશુઓને જીવાડવા માટે પ્રયાસ કરી રહ્યાના દ્રશ્યો ગ્રામ્ય વિસ્તારમાંથી સામે આવી રહ્યા છે.

# મેઘરજ તાલુકાની બે હાઈસ્કુલના ચાર શિક્ષકો કોરોનાથી સંક્રમિત

**શૈક્ષણિક સંકુલોમાં કોરોના બેલગામ બનવાની દહેશત, આરોગ્ય વિભાગ ઢાંકપીછોડ બંધ કરે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

અરવલ્લી જિલ્લાના શાળા વિકાસ સંકુલો મારફતે ધો.૯ થી ૧૨ ની તા.૧૮ માર્ચથી સત્રાંત પરીક્ષા શરૂ થઈ છે જે ૨૭ માર્ચે પૂરી થવાની છે પરંતુ તે પૂર્વે જ તે દિવસથી પરીક્ષાઓ યોજાતાં અન્ય શૈક્ષણિક સંકુલોમાં પણ કોરોના પ્રસરે તેવી સંભાવના છે. આરોગ્ય વિભાગ જિલ્લામાં કોરોનાના વધતા કહેર છતાં ઢાંકપીછોડ કરી રહ્યું છે.

નવરચિત અરવલ્લી તાલુકાના ગ્રામ્ય વિસ્તારની શાળાઓના બાળકો કોરોના સંક્રમિત થતાં શૈક્ષણિક સંકુલ બંધ કરવું પડ્યું હતું અને હવે મેઘરજના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં શિક્ષકો મારફતે કોરોનાનું સંક્રમણ શાળાઓના



શૈક્ષણિક સંકુલોમાં કોરોના બેલગામ બન્યાની વિગતો સામે આવી રહી છે. મેઘરજ તાલુકાના કસાણાની શબરી કન્યા વિદ્યાલયના ૩ શિક્ષક અને વડથલીની વિશ્વ વાત્સલ્ય વિદ્યાલયના ૧ શિક્ષક કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવતાં શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં કોરોના સંક્રમણની દહેશત હાવિ થઈ ગઈ છે. જે રીતે કોરોનાનું સંક્રમણ વધ્યું જિલ્લાનો આરોગ્ય વિભાગ રાજ્યના આરોગ્ય વિભાગને કોરોનાની સાચી વિગતો ઉપર કંઈક છૂપાવતું હોવાના આરોપ છેલ્લા ૧ વર્ષથી લાગ્યા છે. ભલે સરકારી દફતરે પોઝિટિવ કેસની સંખ્યા ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લા કરતાં અરવલ્લીમાં ઓછી હોય પરંતુ વાસ્તવિક્તા કંઈક ઔર છે. અગાઉ ધનસુરા તાલુકાની બુટાલ અને પાંચકુહાડા તેમજ ઈડર ઓરડા સુધી પહોંચ્યાની ચિંતાજનક વિગત બહાર આવી છે. શાળાઓના કુલ-૪ શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયા હોવાનું બહાર આવતાં આરોગ્ય વિભાગની ટીમો દોડતી થઈ છે. શિક્ષકો છેલ્લા ૪ દિવસ દરમ્યાન કોના સંપર્કમાં આવ્યા તેની વિગતો મેળવી તેના સંપર્કમાં આવેલા સ્ટાફ અને વિદ્યાર્થીઓના રેપિડ ટેસ્ટ કરવાનો પણ નિર્ણય લેવાયાનું જાણવા મળ્યું છે.

# બાયડના ચોઈલા રોડ ઉપરની સોસાયટીઓમાં કોરોનાના ૧૦ કેસ

**પાલિકા દ્વારા સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરાય તેવી માંગ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ પાલિકા વિસ્તારમાં કોરોનાનો કહેર કોહરામ મચાવી રહ્યો છે. બાયડના ચોઈલા રોડ ઉપર આવેલી શારદાકુંજ, ઓમનગર અને નારણપુરા સોસાયટીમાં ૧૦ થી વધુ કોરોના પોઝિટિવ કેસ સામે આવતાં સોસાયટીના રહીશોમાં ભય વ્યાપ્યો છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બને તે અગાઉ પાલિકા દ્વારા સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરાય તેવી નિવૃત્ત પોલીસ અધિકારી ડી.ડી.મકવાણાએ માંગ કરી છે.

બાયડના બસ સ્ટેશન વિસ્તારમાં એક પછી એક રહીશો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. પાલિકાની ચૂંટણી જાહેર થઈ ત્યારથી સતત પોઝિટિવ અને શંકાસ્પદ કેસમાં ઉછાળો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગ જરૂરી ચીવટ રાખે છે પરંતુ પ્રજા લાપરવાહ બની કોરોના ગાયબ થયો હોય તે રીતે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું ભૂલી છે અને માસ્ક પહેરતાં શરમ આવતી હોય તેવી સ્થિતિ લાવી દીધી છે જેના કારણે બાયડના અનેક સોસાયટી વિસ્તારો કોરોનાના ભરડામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી ચોઈલા રોડ ઉપરની ૩ સોસાયટીઓમાં જે રીતે કોરોના વિસ્ફોટ સામે આવ્યો છે તે જોતાં પોઝિટિવ અને શંકાસ્પદ કેસનો આંકડો ૨૦ થી વધુ હોય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

# ઈડર ખેતી બેન્કની ચૂંટણીમાં ફલજીભાઈ પટેલની પેનલ બિનહરીફ

બાયડ, ઈડર, તા.૧૯

રાજકીય, સહકારી આગેવાન ફલજીભાઈ પટેલે ઈડર તથા વડાલી વિભાગની ઈડરમાં આવેલી ખેતી બેન્કની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું જેમાં તેમની સમગ્ર પેનલ બિનહરીફ થતાં ઈડર-વડાલી તાલુકાના ખેડૂતોમાં આનંદ છવાયો છે. ખેડૂતો પણ હવે ખેતી બેન્કમાં યુવા નેતૃત્વ ઝંખી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખેતી બેન્કની ચૂંટણીના ડમરૂ વાગવા લાગ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં આવેલી ખેતી બેન્કની વિવિધ શાખાઓમાં જિલ્લાના તથા શાખ કમીટીના સભ્યો મળી કુલ-૮ સભ્યો માટેની ચૂંટણી યોજવામાં આવી હતી.

જેમાં ઈડર ખેતી બેન્કમાં ૮ સભ્યો માટેની ચૂંટણી યોજાઈ જેમાં ફલજીભાઈ પટેલ પ્રેરીત પેનલ ફરી એકવાર બિનહરીફ થતાં તેમની પેનલના ભવ્ય વિજય બદલ પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, ધારાસભ્ય હીતુ કનોડીયા, લલિત પટેલ સહીત બંન્ને તાલુકાના રાજકીય અને સહકારી આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.



**બિનહરીફ થયેલા ડિરેક્ટરો**

ફલજીભાઈ જી. પટેલ
મગનભાઈ એમ. પટેલ
કાન્તિભાઈ એસ. પટેલ
જગદીશભાઈ કે. પટેલ
બેચરભાઈ એસ. પટેલ
છગનભાઈ એન. પટેલ
નરસિંહભાઈ જી. પટેલ
રમેશભાઈ એચ. પટેલ

# ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા થીયરી પ્રેક્ટીકલ પરીક્ષાઓ રદ કરી

**શિક્ષણમાં કોરોનાના કારણે અરાજક્તા ફેલાઈ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં કોરોના બેલગામ બન્યો છે. જે રીતે શૈક્ષણિક સંસ્થાઓ પછી પરીક્ષાઓ રદ કરવાની નોબત આવી છે તે જોતાં હવે પછી પ્રજાની અગ્નિ પરીક્ષાનો સમય શરૂ થયો છે તેવું કહી શકાય. ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા બી.એસ.સી., બી.કોમ, બી.બી.એ., બી.સી.એ., બી.આર.એસ., બી.એસ.ડબલ્યુ., બી.એ. બી.એડ્., બી.એસ.સી. બી.એડ્. સેમેસ્ટર-૧ અને બી.એ. બી.એડ્., બી.એસ.સી. બી.એડ્. સેમેસ્ટર-૭, બી.કોમ, એલ.એલ.બી. ઈન્ટીગ્રેટેડ સેમેસ્ટર-૯, ડિપ્લોમા ઈન જાયનોલોજી સેમેસ્ટર-૩, એમ.એસ.સી. (સી.એ. એન. આઈ. ટી.) સેમેસ્ટર-૧, એમ. એસ. સી. સેમેસ્ટર-૭ ની પરીક્ષાઓ અને પ્રેક્ટીકલ પરીક્ષા તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી છે તેમજ તા.૩૧ માર્ચથી શરૂ થતી તમામ પરીક્ષાઓ હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. પરીક્ષાઓની નવી તારીખો સરકારની સૂચના પ્રમાણે પછીથી જાહેર કરવામાં આવશે તેમ ઉત્તર ગુજરાત યુનિ.ના કાર્યકારી પરીક્ષા નિયામક ડાં.કે.કે.પટેલે એક યાદીમાં જણાવ્યું છે.

# બાયડના પ્રવિણ પટેલની પત્રકાર પ્રેસ પરીષદમાં ગુજરાતના પ્રદેશ મહાસચિવ તરીકે નિયુક્તિ

**મીડીયા જગતના માંધાતાઓની અભિનંદન વર્ષા**

હિંમતનગર, તા.૧૯

પત્રકાર પ્રેસ પરીષદ-નવીદિલ્હી દ્વારા બાયડના નિડર પત્રકાર પ્રવિણ એમ. પટેલ (આકરૂન્દ)ની ગુજરાતના પ્રદેશ મહાસચિવ તરીકે નિયુક્તિ થતાં મીડીયા જગતના માંધાતાઓની અભિનંદન વર્ષા શરૂ થઈ છે. છેલ્લા ૨૪ વર્ષના પત્રકાર તરીકેના કાર્યક્ષેત્ર દરમ્યાન તેઓએ નિડરતાપૂર્વક સત્ય સમાચારો પ્રસિદ્ધ કરી લાખો લોકોને ન્યાય અપાવ્યો છે. હાલ ગાંધીનગર સમાચારના સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા બ્યુરો ચીફ તરીકે કામગીરી કરી રહ્યા છે.



અખબાર જગતની સાથે સમાજ સેવા, શૈક્ષણિક સહિતના અનેકવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા પ્રવિણ પટેલે જિલ્લાના અનેક ચમબંધીઓને ઉઘાડા પાડીને ન્યાય ઝંખતા લોકોને મદદ કરી છે. સરકાર દ્વારા ગરીબો માટે તૈયાર કરેલી યોજનામાં સરકારી બાબુઓના ભ્રષ્ટાચારને ઉજાગર કરી ગરીબોના હક્ક અપાવ્યા છે. સમગ્ર ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લીમાં સ્પષ્ટ વક્તા, નિડર પત્રકાર તરીકેની છબી ધરાવતા પ્રવિણ પટેલની નિષ્ઠાને ધ્યાને રાખી પત્રકાર પ્રેસ પરીષદ (પી.પી.પી.) નવીદિલ્હીના કેન્દ્રીય કાર્યાલય પ્રભારી સત્યપ્રકાશ દ્વારા ગુજરાત પ્રદેશના પ્રદેશ મહાસચિવ તરીકે નિયુક્ત કરાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ઉપરાંત રાજ્યના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયાના પત્રકારોએ અભિનંદન પાઠવ્યા છે.

# બાયડ તાલુકાનું યાત્રાધામ ઉંટરડામાં અનેક સમસ્યાઓ

**ચોકડી ઉપર સર્કલ, પંચાયત ઘરનો કોટ બનાવવા ઉપસરપંચની માંગ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ તાલુકાના યાત્રાધામ તરીકે ઓળખાતા ઉંટરડામાં દર મહિને ૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓ માં દિપેશ્વરીના દર્શને આવતા હોય છે ત્યારે ઉંટરડા ચોકડી ઉપર વિશાળ સર્કલ અને ઉંટરડા ગ્રામ પંચાયત, આંગણવાડીમાં જર્જરીત કોટ હોવાથી તે દુરસ્ત કરી નવો કોટ બનાવવા ગ્રામ પંચાયતના ઉપસરપંચ ચંદ્રકાન્તભાઈ જોષીએ લેખિત માંગ કરી છે. બાયડ તાલુકા પંચાયતના અગાઉના મહિલા અધિકારી સમક્ષ લેખિત રજૂઆત છતાં પણ છેલ્લા ૨ વર્ષથી કોઈ ઉકેલ ન આવ્યાની હૈયા વરાળ ઠાલવી છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન ધામોના વિકાસની વાતો કરવામાં આવી પરંતુ અનેક પ્રવાસન ધામોને માત્ર આચમનરૂપ ગ્રાન્ટ ફાળવી હોવાથી વિકાસ અધુરો રહી ગયો છે. જિલ્લાના યાત્રાધામ શામળાજીની જેમ જ બાયડ તાલુકાના દિપેશ્વરી ધામમાં દર પુનમે તેમજ દર રવિવારે સેંકડો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે ઉંટરડા ચોકડી ઉપર સર્કલ બનાવવામાં આવે તો અકસ્માતોનું પ્રમાણ નિહાળી શકાય. ઉપરાંત ઉંટરડામાં આંગણવાડી કેન્દ્રનો વરંડો અને ઉંટરડા ગ્રામ પંચાયતનો કોટ તેમજ શૌચાલય જર્જરીત થયેલા છે તે ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે.

આ અંગે ઉપસરપંચ ચંદ્રકાન્તભાઈ જોષીએ વહીવટી તંત્ર અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત ધ્યાન દોર્યું હોવા છતાં ગતિશીલ વહીવટ ધરાવતી બાયડ તાલુકા પંચાયતમાં બુઝર્ગ પદાધિકારીની ફરિયાદ કોઈ સાંભળતું ન હોવાનું જાણવા મળ્યું છે.

**વેરા વસુલાત ઝુંબેશ**

# બાયડ પાલિકાએ બે દિવસમાં ૧.૩૮ લાખનો વેરો વસુલ્યો

**ધોમધખતા તાપમાં કર્મચારીઓ વેરા વસુલાતની કામગીરીમાં મશગુલ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ નગરપાલિકાની ઓછી વેરા વસુલાતથી સ્વભંડોળને અસર પડી હતી. વેરા વસુલવા માટે બાયડ પાલિકાના નવા સત્તાધિશોએ તમામ કર્મચારીઓને તાકીદ કરી કામે લગાડતાં છેલ્લા ૨ દિવસમાં બાયડ પાલિકામાં રૂા.૧,૩૮,૭૬૦ થી વધુની વેરા વસુલાત થતાં કર્મચારીઓની કામગીરીને બિરદાવાયી છે.

બાયડ પાલિકાની અગાઉ નબળી વેરા વસુલાતના કારણે અનેક દુરોગામી અસર પડવાની સંભાવના હતી. ૨ દિવસ અગાઉ પાલિકાના નવા ચૂંટાયેલા પદાધિકારીઓએ તમામ કર્મચારીઓ સાથે બેઠક યોજી વેરા વસુલાત ઝૂંબેશને સઘન બનાવવા માટે પરામર્શ કરી હતી તે મુજબ છેલ્લા ૨ દિવસથી પાલિકાની ૩ ટીમો દ્વારા વિવિધ વિસ્તારોમાં વેરા વસુલાતની ઝુંબેશને સઘન બનાવતાં પ્રથમ દિવસે અંદાજીત રૂા.૬૦ હજાર અને બીજા દિવસે રૂા.૭૮ હજારથી વધુની વેરા આવક થઈ હોવાનું પાલિકાના સૂત્રોએ જણાવ્યું છે.

૩૧ માર્ચ સુધીમાં બાયડ નગરપાલિકાની વેરા વસુલાત ૮૦ ટકાથી વધુ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો છે. બાયડના નગરજનો, વેપારીઓ વગેરેને પણ બાયડ પાલિકા દ્વારા બાકી નિકળતા વેરા જમા કરાવવા અનુરોધ કર્યો છે. રીઢા બાકીદારોને પાલિકાના મુખ્ય અધિકારી દ્વારા નોટિસ આપવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.